કે.ડી. NEWS

તારીખ : 04/08/2026

# અમરેલીમાં રેલવે ટ્રેક પર 5 સિંહો આવી ચડ્યા

## વનવિભાગે સમયસર બચાવી તમામને સુરક્ષિત સ્થળે ખસેડ્યા, સંભવિત અકસ્માત ટાળ્યો



અમરેલી જિલ્લામાં રેલવે ટ્રેક પર 5 સિંહો આવી ચડ્યા હતા. ધારી ગીર પૂર્વ વન વિભાગની સરસિયા રેન્જ હેઠળના છતડીયા બીટ વિસ્તારમાં જૂના છતડીયા ફાટક નજીક બપોરના સમયે આ ઘટના બની હતી. વનવિભાગની સમયસર અને સંકલિત કામગીરીને કારણે સિંહોને સુરક્ષિત રીતે ખસેડી સંભવિત અકસ્માત ટાળવામાં આવ્યો હતો.આ અંગેની જાણ થતાં જ વનવિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું.

સરસિયા રેન્જના RFO જયશ્રીબેન પટાટના માર્ગદર્શન હેઠળ બીટગાર્ડ નરેન્દ્ર પરમાર, વનમિત્ર રફિક સૈયદ અને રેલમિત્ર રાહિલ સૈયદ દ્વારા સિંહોની હિલચાલ પર સતત દેખરેખ રાખવામાં આવી હતી.

વન્યજીવોની કુદરતી વર્તણૂકને ધ્યાનમાં રાખીને કોઈપણ ઉતાવળ કે જોખમી કાર્યવાહી ટાળવામાં આવી હતી.રેલવે ટ્રાફિકની સલામતી અને સિંહોના જીવનની સુરક્ષાને પ્રાથમિકતા આપીને વનવિભાગની ટીમે સંકલિત રીતે કામગીરી કરી હતી. આશરે અડધા કલાક સુધી રેલવે ટ્રેક પર રહેલા પાંચેય સિંહોને કોઈપણ ઈજા પહોંચાડ્યા વગર સલામત રીતે ટ્રેક પરથી દૂર ખસેડી તેમના કુદરતી રહેઠાણ તરફ મોકલવામાં આવ્યા હતા. આ દરમિયાન વન્યજીવોને બિનજરૂરી તણાવ ન થાય અને રેલવે મુસાફરોની સલામતી જળવાઈ રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું.

સમયસર કરવામાં આવેલી આ કામગીરીને કારણે મોટું જોખમ ટળી ગયું હતું અને પાંચેય સિંહોની સલામતી સુનિશ્ચિત થઈ હતી. ગીર વિસ્તારમાં વન્યજીવો અને માનવ વસાહતો વચ્ચે સુરક્ષિત સહઅસ્તિત્વ જળવાઈ રહે તે માટે વનવિભાગ દ્વારા સતત તકેદારી અને જરૂરી સંકલન કરવામાં આવે છે.

આ ઘટના વનવિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, વનમિત્રો અને રેલમિત્રો વચ્ચેના સંકલન, સતર્કતા અને વન્યજીવ સંરક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

કે.ડી. NEWS

તારીખ : 04/08/2026

# અમરેલી જિલ્લામાં પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે–2026 અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન



વર્ષ 2026ના રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અમરેલી જિલ્લામાં યોજાનાર હોવાથી સમગ્ર જિલ્લામાં દેશભક્તિનું વાતાવરણ સર્જાય અને વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ, દેશભક્તિ તથા રાષ્ટ્રીય મૂલ્યોનું સંવર્ધન થાય તે હેતુથી પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે–2026 અંતર્ગત તા. ૫ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.તા. ૫ થી ૭ ઓગસ્ટ દરમિયાન શાળા કક્ષાએ વિવિધ પાયાની સ્પર્ધાઓ યોજાશે.તા. ૮ થી ૧૧ ઓગસ્ટ દરમિયાન પે. સેન્ટર, તાલુકા અને જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ યોજાશે. જેમાં ધોરણ 3 થી ૮ માટે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ધોરણ ૬ થી ૮ માટે ક્વિઝ સ્પર્ધા તેમજ ધોરણ ૮ માટે રંગોળી સ્પર્ધા યોજાશે.તા. ૮ ઓગસ્ટે પે. સેન્ટર કક્ષાએ રક્ષા રંગોળી અને રેલીનું આયોજન કરવામાં આવશે.

તા. ૧૦ ઓગસ્ટે તાલુકા કક્ષાની સ્પર્ધાઓ સંઘવી-4 પ્રાથમિક શાળા ખાતે યોજાશે.તા. ૧૧ ઓગસ્ટે તાલુકા કક્ષાના વિજેતાઓ માટે જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ શ્રી સરસ્વતી વિદ્યામંદિર, અમરેલી ખાતે યોજાશે.તા. ૧૨ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન વિશેષ પ્રવૃત્તિઓ અને જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

તા. ૧૨ ઓગસ્ટે ધોરણ 3 થી ૮ માટે મહેંદી સ્પર્ધા સંબંધિત શાળાઓમાં યોજાશે.તા. ૧૩ ઓગસ્ટે તમામ શાળાઓ અને ગામ વિસ્તારોમાં વૃક્ષારોપણ, પ્લાસ્ટિક મુક્તિ અંગે જનજાગૃતિ, વેશભૂષા સ્પર્ધા અને પ્રભાત ફેરી જેવા કાર્યક્રમો યોજાશે.તા. ૧૪ ઓગસ્ટે તાલુકા કક્ષાના વિજેતાઓ માટે જિલ્લા કક્ષાની મહેંદી સ્પર્ધા શ્રી સરસ્વતી વિદ્યામંદિર, અમરેલી ખાતે યોજાશે.તા. ૧૫ ઓગસ્ટે જિલ્લાના તમામ શાળાઓમાં ધ્વજવંદન, રાષ્ટ્રગાન તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવશે. આ વર્ષે અમરેલી ખાતે યોજાનાર **રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વને અનુરૂપ સમગ્ર જિલ્લામાં દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ વ્યાપક બને તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.માર્ગદર્શિકા મુજબ ચિત્ર સ્પર્ધા માટે કાર્ડશીટ અને મહેંદી સ્પર્ધા માટે કોનની વ્યવસ્થા શાળા દ્વારા કરવામાં આવશે. નિબંધ માટે A4 પેપર તથા જરૂરી લેખન સામગ્રી વિદ્યાર્થી અને શાળાની જવાબદારી રહેશે. રંગોળીનું માપ ૨ ફૂટ × ૨.૫ ફૂટથી વધુ ન હોવું જોઈએ.ઉપરાંત, તમામ કાર્યક્રમોના ફોટોગ્રાફ્સ અને વીડિયો BRC દ્વારા આપવામાં આવેલી Google Form લિંક પર અપલોડ કરવા સૂચના આપવામાં આવી છે.રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને સફળ બનાવવા જિલ્લાના તમામ શાળાઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને નાગરિકોને ઉત્સાહપૂર્વક સહભાગી બનવા અનુરોધ કરવામાં આવ્યો છે.

SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV®
SUVARNA SAUBHAGYA UTSAV

# સુવર્ણ સૌભાગ્ય
## ઉત્સવ – સમૃદ્ધિ મહોત્સવ
## 2026

## શ્રી ગોકુલ જ્વેલર્સ

ના ગ્રાહકોએ 500 થીવધુ
ઈનામો જીતીને
સાવરકુંડલામાં રચ્યો
સુવર્ણ ઈતિહાસ



## શું તમે તૈયાર છો

આ વર્ષના સુવર્ણ સૌભાગ્ય ઉત્સવના
આકર્ષક ઈનામો માટે

GJ
શ્રી ગોકુલ જ્વેલર્સ
એક બંધન વિશ્વાસનું

*શરતો લાગુ

હવેલી શેરી, સાવરકુંડલા. મો. 95373 12695, 94262 80911

કે. ડી. NEWS
તારીખ : 04/08/2026

# સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે 350મો વિનામૂલ્યે નેત્ર કેમ્પ 8 ઓગસ્ટે યોજાશે



સાવરકુંડલા તાલુકામાં ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતી સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થા દ્વારા અમરેલી જિલ્લા અંધજન નિવારણ સમિતિના સહયોગથી વધુ એક લોકોપયોગી સેવા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજના જરૂરિયાતમંદ લોકો સુધી ગુણવત્તાસભર નેત્રચિકિત્સા પહોંચે તેવા શુભ આશય સાથે આગામી શુક્રવાર, તા. 8 ઓગસ્ટ, 2026ના રોજ સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા ખાતે 350મો વિનામૂલ્યે નેત્ર તપાસ તથા નેત્રમણી (મોતિયાબિંદ) ઓપરેશન કેમ્પ યોજાશે.કેમ્પ દરમિયાન સવારથી આંખના વિવિધ રોગોથી પીડિત દર્દીઓની નોંધણી અને નિષ્ણાત તબીબો દ્વારા વિનામૂલ્યે તપાસ કરવામાં આવશે. તપાસ બાદ જરૂરી જણાતા દર્દીઓના મોતિયાબિંદના ઓપરેશન તેમજ લેન્સ પ્રત્યારોપણની સુવિધા પણ સંપૂર્ણ નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું છે કે જેમના ઓપરેશન નક્કી થશે તેઓએ જરૂરી ઓળખ તથા તબીબી દસ્તાવેજો સાથે હાજર રહેવું. પસંદ થયેલા દર્દીઓને સ્વામિનારાયણ ગુરુકુળથી વિશેષ બસ દ્વારા વિનામૂલ્યે વિરનગર હોસ્પિટલ લઈ જવામાં આવશે અને સફળ ઓપરેશન બાદ સુરક્ષિત રીતે ફરી સાવરકુંડલા પરત લાવવામાં આવશે.આ સેવાકીય કાર્યમાં સમાજના આર્થિક રીતે નબળા અને જરૂરિયાતમંદ દર્દીઓને વિશેષ લાભ મળે તે હેતુથી સમગ્ર આયોજન કરવામાં આવ્યું છે. આયોજકોએ આંખ સંબંધિત તકલીફ ધરાવતા વધુમાં વધુ દર્દીઓએ આ વિનામૂલ્યે કેમ્પનો લાભ લેવા અપીલ કરી છે.આ નેત્રસેવા યજ્ઞના દાતા તરીકે ધીરજલાલ કાનજીભાઈ ઘેલાણી તથા *ચંદ્રકાંતભાઈ કાપડિયા (મુંબઈ)*નું મહત્વપૂર્ણ યોગદાન પ્રાપ્ત થયું છે. સમગ્ર આયોજનને શાસ્ત્રી હરિપ્રસાદદાસજી સ્વામી તથા કોઠારી અક્ષરસુદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ સફળ બનાવવા માટે ગુરુકુળ પરિવાર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

તારીખ : 04/08/2026

# શ્રી કે.કે. હાઈસ્કૂલ, સાવરકુંડલાના યજમાનપદે તાલુકા કક્ષાનો 70મો અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવ સંપન્ન....








વોલીબોલ,ખો-ખો,કબડ્ડી અને એથ્લેટીક્સ જેવી રમતોની સ્પર્ધા યોજાઈ નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી કે.કે. હાઈસ્કૂલ, સાવરકુંડલાના યજમાનપદે તાલુકા કક્ષાનો 70મો અખિલ ભારતીય શાળાકીય એથ્લેટિક્સ રમતોત્સવ સફળતાપૂર્વક યોજાયો.આ રમતોત્સવમાં તાલુકાની વિવિધ શાળાઓના અન્ડર-14, અન્ડર-17 અને અન્ડર-19 વયજૂથના ભાઈઓ તથા બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. એથ્લેટિક્સ અંતર્ગત વિવિધ ટ્રેક અને ફિલ્ડ સ્પર્ધાઓમાં ખેલાડીઓએ પોતાની પ્રતિભા, રમતકૌશલ્ય અને ખેલદિલીનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.સ્પર્ધાના અંતે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તાલુકા કક્ષાની સ્પર્ધામાં વિજેતા બનેલા ખેલાડીઓ હવે આગામી જિલ્લા કક્ષાની શાળાકીય એથ્લેટિક્સ સ્પર્ધામાં તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે, જે સમગ્ર તાલુકા માટે ગૌરવની બાબત છે.આ સમગ્ર રમતોત્સવનું આયોજન શાળાના આચાર્ય ચેતનકુમાર ગુજરીયાના માર્ગદર્શન હેઠળ વ્યાયામ શિક્ષક વિપુલ દવે તથા સમગ્ર સ્ટાફના સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 04/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





કે.ડી. NEWS

તારીખ : 04/08/2026

# ખાંભામાં અદ્યતન સરકારી તાલુકા ગ્રંથાલયનું લોકાર્પણ





ખાંભા તાલુકાના વિદ્યાર્થીઓ, યુવાનો અને વાંચનપ્રેમી નાગરિકો માટે ઐતિહાસિક અને ગૌરવની ક્ષણ સર્જાઈ હતી. ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળના ગ્રંથાલય ખાતા (ગાંધીનગર) દ્વારા નવસ્થાપિત સરકારી તાલુકા ગ્રંથાલય, ખાંભાની સેવાઓનું ભવ્ય લોકાર્પણ સમારોહ રવિવાર, તા. ૦૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ઉત્સાહ અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો.સમારોહમાં ખાંભા તાલુકા પંચાયતના માનનીય પ્રમુખશ્રી શિવલાલભાઈ સુદાણીના શુભ હસ્તે રિબન કાપી ગ્રંથાલયનું વિધિવત્ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયતના સદસ્યો, જિલ્લા પંચાયતના સદસ્યો, વિવિધ ચૂંટાયેલા પ્રતિનિધિઓ, રાજકીય અને સામાજિક આગેવાનો, સ્થાનિક આગેવાનો, પુસ્તકપ્રેમીઓ, શિક્ષણવિદો તથા અધિકારીશ્રીઓની નોંધપાત્ર ઉપસ્થિતિએ સમારોહને વિશેષ ગૌરવ અપાવ્યું હતું.પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ વાંચન સંસ્કૃતિના વિકાસ, જ્ઞાનના પ્રસાર અને યુવા સશક્તિકરણના મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે સરકારી તાલુકા ગ્રંથાલય ખાંભા તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.આ અદ્યતન ગ્રંથાલયમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓને અનુરૂપ સંદર્ભ પુસ્તકો, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી સાહિત્ય, વિવિધ વિષયોના ઉપયોગી ગ્રંથો, દૈનિક અખબારો, સામયિકો તેમજ અભ્યાસ માટેનું શાંત અને સુવિધાસભર વાતાવરણ ઉપલબ્ધ કરવામાં આવ્યું છે, જે વિદ્યાર્થીઓ અને વાંચનરસિકો માટે અત્યંત ઉપયોગી બનશે.આ પ્રસંગે ભાવનગર વિભાગના મદદનીશ ગ્રંથાલય નિયામક ડૉ. આર. ડી. પરમાર તેમજ કર્મચારીગણ સર્વશ્રી પી. એમ. પંડ્યા, વી. જી. સંઘવી અને એ. કે. નકુમ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.સમારોહના અંતે ઉપસ્થિત મહાનુભાવોએ ખાંભા તાલુકાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, યુવાનો અને વાંચનપ્રેમી નાગરિકોને સરકારી તાલુકા ગ્રંથાલયનો મહત્તમ ઉપયોગ કરી જ્ઞાનના ભંડારનો લાભ લેવા આહ્વાન કર્યું હતું. નવા ગ્રંથાલયના પ્રારંભ સાથે સમગ્ર ખાંભા પંથકમાં શિક્ષણ, વાંચન અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે નવી આશા અને ઉત્સાહનો સંચાર થયો છે.

કે.ડી. NEWS

તારીખ : 04/08/2026

# અમરેલીમાં મહિલા સુરક્ષા દિવસ નિમિત્તે કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો

અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ નારી વંદન ઉત્સવ અંતર્ગત મહિલા સુરક્ષા દિવસ નિમિત્તે અમરેલી સ્થિત ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (R S E T I) ખાતે મહિલાઓ માટે વિશેષ કાયદાકીય માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહિલાઓને તેમના કાયદાકીય અધિકારો, સુરક્ષા તેમજ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત તાલીમાર્થી બહેનોને એડવોકેટ શોભીનીબેન વોરા દ્વારા ઘરેલું હિંસા અધિનિયમ-2005 અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે મહિલાઓને કાયદાકીય હકો, સુરક્ષા માટે ઉપલબ્ધ જોગવાઈઓ તથા જરૂરી સમયે કાનૂની સહાય કેવી રીતે મેળવવી તેની સમજ આપી હતી.કાર્યક્રમ દરમિયાન જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી દ્વારા પ્રાસંગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. R S E T I ના નિયામકશ્રીએ મહિલાઓના સશક્તિકરણમાં તાલીમ અને સ્વરોજગારના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમજ નારી અદાલતના જિલ્લા કો-ઓર્ડિનેટર જસુબેન ભંડેરીએ નારી અદાલતની કામગીરી અને મહિલાઓને મળતી સહાય અંગે વિસ્તૃત માહિતી આપી હતી.આ ઉપરાંત DHEW સ્ટાફના મીનાક્ષીબેન દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવામાં આવી હતી, જેથી વધુમાં વધુ મહિલાઓ તેનો લાભ લઈ શકે.કાર્યક્રમના અંતે અનાથ દીકરીઓને શૈક્ષણિક કીટ, હાઈજીન કીટ, દીકરી વધામણાં કીટ તેમજ વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત તમામ બહેનોને હેન્ડબેગ અને યોજનાકીય માહિતી ધરાવતા પેમ્ફલેટ પણ અર્પણ કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓમાં કાયદાકીય જાગૃતિ વધારવી, આત્મવિશ્વાસ મજબૂત બનાવવો અને સરકારી યોજનાઓનો વધુમાં વધુ લાભ પહોંચાડવાનો રહ્યો હતો.

તારીખ : 04/08/2026

# દલખાણિયામાં પ્રાકૃતિક ખેતી અંગે વિશેષ તાલીમ યોજાઈ: ખેડૂતોને વૈજ્ઞાનિક અભિગમથી માર્ગદર્શન



## 150થી વધુ ખેડૂતોની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતો, ટેકનિક અને ટકાઉ કૃષિ અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના દલખાણિયા ગામ ખાતે આવેલ દલખાણિયા પગાર કેન્દ્ર શાળામાં ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ સંલગ્ન કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી વિષયક વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં દલખાણિયા સહિત આસપાસના ગામોના 150થી વધુ ખેડૂતો ઉત્સાહભેર જોડાયા હતા.

કાર્યક્રમમાં ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીના કુલપતિ ડો. સી. કે. ટિંબડિયાએ પ્રાકૃતિક ખેતીના વૈજ્ઞાનિક અભિગમ, તેનું તત્ત્વજ્ઞાન અને વર્તમાન સમયમાં તેની વધતી જતી આવશ્યકતા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જીવામૃત, બીજામૃત, મિશ્ર પાક પદ્ધતિ, જીવાત અને રોગ નિયંત્રણ તેમજ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના વિવિધ પાસાઓ અંગે ખેડૂતોને માહિતગાર કર્યા હતા.તેમણે જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતી જમીનની ફળદ્રુપતા અને તંદુરસ્તી જાળવવાની સાથે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરે છે તેમજ પર્યાવરણને અનુકૂળ અને ટકાઉ કૃષિ વ્યવસ્થાના વિકાસ માટે અસરકારક માધ્યમ બની રહી છે.

કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના પ્રિન્સિપાલ ડો. એસ.પી. દેશમુખે પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો અંગે વૈજ્ઞાનિક માહિતી આપી ખેડૂતોને આધુનિક અને કુદરત આધારિત ખેતી પદ્ધતિઓ અપનાવવા પ્રેરિત કર્યા હતા.પ્રસંગે સુડાવડ ગામના સરપંચ તથા પ્રગતિશીલ પ્રાકૃતિક ખેડૂત પ્રવીણભાઈ આસોદરિયાએ પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત પાકોના મૂલ્યવર્ધન અને માર્કેટિંગ અંગે પોતાના અનુભવો શેર કરી ખેડૂતોને વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ તાલીમ કાર્યક્રમ દ્વારા ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે જાગૃતિ વધારવાની સાથે વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવી ખર્ચ ઘટાડીને ગુણવત્તાસભર ઉત્પાદન મેળવવા માટે પ્રેરણા મળી હતી.

તારીખ : 04/08/2026


# વરિષ્ઠ પત્રકાર અને પ્રખર કટારલેખક કાંતિ ભટ્ટની આજે પુણ્યતિથિ



**કાંતિ ભટ્ટ**
**જન્મ: 15 જુલાઈ, 1931**
**અવસાન: 4 ઑગસ્ટ, 2019**

ગુજરાતી પત્રકારત્વ અને સાહિત્ય જગતના અગ્રણી નામ, વરિષ્ઠ પત્રકાર, પ્રખર કટારલેખક અને ચિંતક કાંતિ ભટ્ટની પુણ્યતિથિ નિમિત્તે તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે.કાંતિ ભટ્ટે પોતાના તીક્ષ્ણ વિશ્લેષણ, નિર્ભય લેખનશૈલી અને તથ્ય આધારિત અભિગમ દ્વારા ગુજરાતી પત્રકારત્વને નવી દિશા આપી હતી. તેમના લેખોમાં સમાજ, રાજકારણ, અર્થતંત્ર, વિજ્ઞાન, શિક્ષણ અને વૈશ્વિક વિષયો અંગેનું ઊંડું ચિંતન જોવા મળતું હતું. જટિલ વિષયોને સરળ અને રસપ્રદ ભાષામાં રજૂ કરવાની તેમની આગવી શૈલીને કારણે તેઓ લાખો વાચકોના પ્રિય લેખક બન્યા હતા.તેમના લેખો માત્ર સમાચાર કે અભિપ્રાય પૂરતા મર્યાદિત નહોતા, પરંતુ વાચકોને વિચારતા, પ્રશ્નો પૂછતા અને નવી દૃષ્ટિથી સમાજને જોવાની પ્રેરણા આપતા હતા. પત્રકારત્વમાં નિર્ભયતા, પ્રામાણિકતા અને બૌદ્ધિક ઈમાનદારીનું તેમણે જીવનભર પાલન કર્યું.આજે તેમની પુણ્યતિથિના અવસરે તેમના અમૂલ્ય યોગદાનને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરવામાં આવે છે. ગુજરાતી પત્રકારત્વમાં તેમના દ્વારા સ્થાપિત મૂલ્યો અને લેખન પરંપરા આવનારી પેઢીના પત્રકારો અને લેખકો માટે હંમેશાં પ્રેરણારૂપ બની રહેશે.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 04/08/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



K. D. NEWS

તારીખ : 04/08/2026

# દામનગર છાત્રાલયમાં વિદ્યાર્થીઓને મહાપ્રસાદ અપાયો

## પરવડીના સમજુ માંગુકિયા પરિવારે દીકરીઓ માટે ભોજનનું આયોજન કર્યું



દામનગરના પરમાર્થ નિઃશુલ્ક કન્યા છાત્રાલયમાં એક સેવાભાવી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે છાત્રાલયની દીકરીઓ માટે ભોજન પ્રસાદનું આયોજન કરાયું હતું.આ ભોજન પ્રસાદનું આયોજન પરવડી ગામના સમજુબેન પ્રેમજીભાઈ માંગુકિયાના આશીર્વાદથી તેમના પુત્ર ભરતભાઈ માંગુકિયા (સુરત) દ્વારા કરવામાં આવ્યું હતું.છાત્રાલયની દીકરીઓએ આ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. તેમણે દાતા પરિવાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી, જેનાથી દીકરીઓને વિશેષ ભોજનનો લાભ મળ્યો.પરમાર્થ નિઃશુલ્ક કન્યા છાત્રાલય પરિવારે આ સેવાભાવી કાર્ય બદલ સમજુબેન માંગુકિયા અને ભરતભાઈ માંગુકિયાનો આભાર માન્યો હતો.છાત્રાલય પરિવારે આશા વ્યક્ત કરી હતી કે તેમના પરિવારનો સેવાભાવ સમાજ અને દીકરીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે.

કે.ડી. NEWS

તારીખ : 04/08/2026

# આજે સ્વર સમ્રાટ કિશોર કુમારની જન્મજયંતિ

ભારતીય ફિલ્મ સંગીત જગતના અપ્રતિમ ગાયક, અભિનેતા, સંગીતકાર, નિર્માતા અને દિગ્દર્શક કિશોર કુમારની જન્મજયંતિ નિમિત્તે દેશભરના સંગીતપ્રેમીઓએ તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.કિશોર કુમારે પોતાના અનોખા અવાજ, જીવંત અભિવ્યક્તિ અને બહુમુખી પ્રતિભાના બળે હિન્દી ફિલ્મ સંગીતને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડ્યું હતું. રોમેન્ટિક, કરુણ, હાસ્યસભર, દેશભક્તિ અને જીવનદર્શનથી ભરપૂર ગીતો દ્વારા તેમણે દરેક પેઢીના શ્રોતાઓના હૃદયમાં અવિસ્મરણીય સ્થાન બનાવ્યું છે.તેમણે અનેક પ્રખ્યાત સંગીતકારો અને કલાકારો સાથે કામ કરીને ભારતીય ફિલ્મ સંગીતને અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેમના સ્વરમાં ગવાયેલા અસંખ્ય ગીતો આજે પણ એટલાં જ લોકપ્રિય છે અને નવી પેઢીના ગાયકો તથા સંગીતરસિકો માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે.કિશોર કુમારનું વ્યક્તિત્વ માત્ર ગાયકી પૂરતું સીમિત નહોતું; તેઓ સફળ અભિનેતા, નિર્માતા, દિગ્દર્શક અને સંગીતકાર તરીકે પણ પોતાની આગવી ઓળખ સ્થાપિત કરવામાં સફળ રહ્યા હતા. તેમની કલાત્મક



સફર ભારતીય સંગીત ઈતિહાસનું એક સુવર્ણ પ્રકરણ છે. તેમનો અમર અવાજ અને સદાબહાર ગીતો આવનારી અનેક પેઢીઓ સુધી સંગીતપ્રેમીઓના હૃદયમાં ગુંજતા રહેશે.

કે.ડી. NEWS

તારીખ : 04/08/2026

# પ્લોટ વેચવાના છે...

## બ્રહ્મસમાજ-૧ મહુવારોડ, S.M.G.K. ની બાજુમાં,

## પ્લોટ સાઇઝ : ૪૦x૫૦ (૨)

: સંપર્ક :

# મો. 93132 25138

તારીખ : 04/08/2026

# શ્રીમતી વી. ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજના એન. એસ. એસ. વિભાગ દ્વારા વન-ડે કેમ્પ તથા વૃક્ષારોપણ કાર્યક્રમનો આયોજન કરવામાં આવ્યું...

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ સંલગ્ન, શ્રીમતી વી. ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજના એન. એસ. એસ. વિભાગ દ્વારા તારીખ.04/08/ 2026 ના રોજ વન-ડે કેમ્પ તથા વૃક્ષારોપણ કાર્યક્રમ નો આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમમાં કાર્યકારી આચાર્યશ્રી ડી. એલ. ચાવડા સાહેબના માર્ગદર્શન નીચે આ કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ શ્રી નયનાબેન કાપડિયા તથા નૂતન કેળવણી મંડળ નાં ઉપપ્રમુખ શ્રી કનુભાઈ ગેડીયા સાહેબ શ્રી સંજય ભાઈ મેહતા હાજર રહ્યા હતા  કાર્યક્રમ નું આયોજન તથા સંકલન ડો પ્રતિમા શુક્લ તથા ડો કે પી વાળા એ કર્યું હતું આ કાર્યક્રમમાં સમૂહ સફાઈ વૃક્ષારોપણ તથા સ્વચ્છતા અભિયાન નું મહત્વ સમજાવ્યું હતું.કોલેજની વિદ્યાર્થીનીઓદ્વારા સફાઈ કરવામાં આવેલી તેમની સાથે સમગ્ર સ્ટાફ પણ જોડાયો.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર સ્ટાફ મિત્રોનો સહયોગ મળ્યો હતો.









તારીખ : 04/08/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક












## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રૂટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.




બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા

## લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838


ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 04/08/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


Shree Shivkrupanand Swami
**Year2026**

Gurutattva®

**3474**
**04/08/2026**
**Tuesday**

## आत्मा

जिवन मे सबसे बडा
मैं का अंहकार अपने
"नाम" का ही होता है,

बाबास्वामी
4/8/2026




'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 03/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"તીર આસમાન તરફ જતું ભલે દેખાય, આખરે તો એ ધરતી પર જ પાછું આવતું હોય છે.
અન્ય સાથે કરેલ આપણો તમામ વ્યવહાર છેલ્લે તો જાત તરફ જ પાછો ફરે છે.
નિંદામાં જો આપણને રસ હોય તો આ હકીકતને આંખ સામે રાખવા જેવી છે."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 04/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**શિક્ષક:** બોલ, સૌથી ઝડપી શું દોડે?
વિદ્યાર્થી: રજા સાહેબ!
શિક્ષક: કેવી રીતે?
વિદ્યાર્થી: આંખ ઝપકતાં જ પૂરી થઈ જાય! .......

**ડૉક્ટર:** રોજ ચાલવાનું રાખજો.
દર્દી: સાહેબ, હું તો રોજ ચાલું જ છું.ડૉક્ટર: કેટલું?
દર્દી: મોબાઈલનું ચાર્જર શોધવા આખા ઘરમાં!

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 04/08/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 4 ઓગષ્ટ

# મહત્વની ઘટનાઓ

૧૮૨૧ – ધ સેટરડે ઈવનિંગ પોસ્ટ સાપ્તાહિક અખબાર તરીકે પ્રથમ વખત પ્રકાશિત કરવામાં આવ્યું.

૧૯૫૪ – પાકિસ્તાન સરકારે, 'હાફિઝ જાલંધરી' દ્વારા લખાયેલ અને 'એહમદ જી.ચાગલા' દ્વારા સ્વરબદ્ધ કરાયેલ, કોમી તરાનાને પાકિસ્તાનના રાષ્ટ્રગીત તરીકે માન્ય કર્યું.

૧૯૫૬ – ભારતમાં નિર્મિત એશિયાનું પ્રથમ પરમાણુ રિએક્ટર "અપ્સરા" કાર્યરત થયું.

૨૦૦૭ – નાસાના ફિનિક્સ અવકાશયાનનું પ્રક્ષેપણ કરવામાં આવ્યું.

૨૦૧૨ – ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે ગુજરાત પરિવર્તન પાર્ટીની સ્થાપના કરી.

## જન્મ

૧૭૯૨ – પર્સી બૅશી શેલી, અંગ્રેજી રૉમેન્ટિક કવિ, નાટ્યકાર અને વિવેચક (અ. ૧૮૨૨)

૧૮૪૫ – ફિરોઝશાહ મહેતા, ભારતના પારસી રાજકારણી અને વકીલ (અ. ૧૯૧૫)

૧૯૦૪ – સુશીલા ગણેશ માવળંકર, ભારતીય સ્વાતંત્ર્ય સેનાની (અ. ૧૯૯૫)

૧૯૨૯ – કિશોર કુમાર, ભારતીય ગાયક અને અભિનેતા (અ. ૧૯૮૭)

૧૯૩૧ – નરેન તામ્હણે, ભારતીય ક્રિકેટર (અ. ૨૦૦૨)

૧૯૬૧ – બરાક ઓબામા, અમેરિકન રાજકારણી, અમેરિકાના ૪૪મા રાષ્ટ્રપતિ

૧૯૬૨ – શરીફા વીજળીવાળા, ગુજરાતી અનુવાદક, ચરિત્રલેખક, વિવેચક અને સંપાદક

૧૯૬૫ – વિશાલ ભારદ્વાજ, ભારતીય ફિલ્મ દિગ્દર્શક, પટકથા લેખક, નિર્માતા, સંગીત સંગીતકાર અને પાર્શ્વ ગાયક

૧૯૯૦ – ધર્મેન્દ્ર જાડેજા, પ્રથમ કક્ષાના ભારતીય ક્રિકેટર

## અવસાન

૨૦૧૯ – કાંતિ ભટ્ટ, ગુજરાતી લેખક, પત્રકાર અને કટારલેખક (જ. ૧૯૩૧)

તારીખ : 04/08/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## વ્યાપારી માટે




**હોલસેલ** ભાવે

નાની-મોટી

**ચીઠ્ઠી બુક**

## વિદ્યાર્થીઓ માટે



**રફ ચોપડા**

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 04/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 04/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| | | | |
|---|---|---|---|
| 76K | 53K | 40K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**